ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૨ અંક ૨૨૧ તારીખ ૧૯-૦૫-૨૦૧૬ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

# બેન્ક શેરો સેલમાં મળે છે, લો

મે એટલે મંદી તે માન્યતા બજારના ખેલાડીઓને અત્યારે અસર કરી રહી છે. અગાઉના કેટલાક અનુભવોને કારણે મે મહિનામાં તેજીના ખેલાડીઓ એમ પણ પોતાની પોઝિશનો ઓછી કરી નાંખે છે, અને તેમાં આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરેથી નેગેટિવ સમાચારો આવ્યા છે અને તેની અસર પણ ભારતીય બજારો ઉપર થઈ છે.

એમ તો ગયા અઠવાડિયે અમેરિકન શેરબજાર તેજીમય મૂડ સાથે ખૂલ્યું હતું અને એકંદરે અમેરિકામાં અઠવાડિયાની શરૂઆત કન્સ્ટ્રક્શન ઈન્ડેક્સમાં ઉછાળા સાથે થયેલી. માર્ચ મહિનામાં અમેરિકાનો કન્સ્ટ્રક્શન ઈન્ડેક્સ ૮.૫ વર્ષના ટોપ ઉપર આવી ગયો છે, અને તેવી જ રીતે એપ્રિલ મહિનામાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં પણ સુંદર વૃદ્ધિદર જોવાયો.

ઓક્ટોબર-૨૦૦૭ પછી કન્સ્ટ્રક્શન માટેનો ખર્ચો ૦.૩ ટકાના સૌથી ઉંચા લેવલ ઉપર વધ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં પણ કન્સ્ટ્રક્શન રોકાણો ૧ ટકા વધ્યા હતા, અને તે રીતે કન્સ્ટ્રક્શન સેક્ટરમાં હવે પોઝિટીવ ટ્રેન્ડ જોવાશે તે આશાવાદ વધ્યો છે. એક વર્ષની સરખામણીમાં કન્સ્ટ્રક્શન માટેનો ખર્ચો ૮ ટકા વધી ગયો છે, જ્યારે સામે પક્ષે અમેરિકાના મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં પણ સુધારાનો ટ્રેન્ડ જોવાયો. પરંતુ સપ્તાહના આખર સુધીમાં રોજગારીના આંકડા નબળા આવતાં વૈશ્વિક બજારો ઉપર તેની ખરાબ અસરો પડી છે.

એપ્રિલમાં નવી રોજગારીઓમાં કેવળ ૧.૫૬ લાખનો વધારો થયો છે, જ્યારે અર્થશાસ્ત્રીઓને એપ્રિલ મહિનામાં ૧.૯૫ લાખ નવી રોજગારીઓ અમેરિકામાં ઉમેરાશે તેવી આશા હતી. રોજગારીમાં ઓછી વૃદ્ધિ માટે તેવું કોઈ સ્પષ્ટ કારણ નથી દેખાતું અને તેથી અર્થતંત્ર મંદ પડી રહ્યું હોવાનું તારણ છે. આ વખતે મુખ્યત્વે નાના બિઝનેસોમાં રોજગારી વધી છે, અને નાના બિઝનેસમાં નવી રોજગારીઓ ૯૩૦૦૦ ઉમેરાઈ, જ્યારે મધ્યમ સાઈઝના બિઝનેસમાં નવી રોજગારીઓમાં ૩૯૦૦૦નો વધારો થયો છે, જ્યારે મોટા બિઝનેસમાં સામાન્ય વધારો જ થયો છે. એક દ્દષ્ટિકોણથી જોઈએ તો અર્થતંત્રમાં જ્યારે નાના બિઝનેસોનું કામકાજ વધે તો તે પોઝિટીવ સંકેત કહી શકાય અને તે રીતે અમેરિકન અર્થતંત્રમાં આ પોઝિટીવ પાસું છે. પરંતુ આ વખતે પણ ૨ લાખથી ઓછી રોજગારીઓ જ ઉમેરાઈ છે, પરંતુ સામે પક્ષે બેરોજગારીના દાવાઓમાં ૧૭૦૦૦નો વધારો થયો છે.

૩૦મી એપ્રિલે પૂરા થયેલા અઠવાડિયા દરમ્યાન બેરોજગારીના દાવા ૧૭૦૦૦ વધીને ૨.૭૪ લાખ થઈ ગયા હતા, અને સતત ૬૧મા અઠવાડિયા દરમ્યાન બેરોજગારોની સંખ્યા ૩ લાખની નીચે ચાલી રહી છે, અને ૧૯૭૩ પછી આ સૌથી મજબૂત સમયગાળો છે, અને આ પાસાંને અવગણી ના શકાય.

**જાન્યુઆરી-૨૦૧૫ પછી અમેરિકન ડોલર સૌથી નીચા લેવલ ઉપર આવી ગયો છે**

પ્રથમ ક્વાર્ટર દરમ્યાન અમેરિકામાં એડવાન્સ પ્રોડક્ટિવિટીમાં ૧.૪ ટકાનો ઘટાડો થશે તેવા ભયની સામે કેવળ ૧ ટકાનો ઘટાડો જ થયો છે, પરંતુ સામે પક્ષે પ્રથમ ક્વાર્ટરના જે આંકડાઓ જાહેર થયા તેમાં ટોચની કંપનીઓના વેચાણો અને નફામાં થોડી થોડી નબળાઈ દેખાય છે, અને ૭ વર્ષમાં આ કંપનીઓના વેચાણોમાં સૌથી નીચો વૃદ્ધિદર છે, અને આ પાસું અમેરિકન અર્થતંત્ર મુશ્કેલી તરફ વધી રહ્યું હોવાનો ભય દર્શાવે છે.

સામે પક્ષે ચીનમાંથી પણ નબળા આંકડાઓ ગયા અઠવાડિયે આવ્યા હતા. માર્ચ-૨૦૧૬માં તો ચીનમાં મેન્યુફેક્ચરિંગ પર્ચેઝીંગ મેનજર્સ ઈન્ડેક્સ ૪૯.૭૦ના લેવલ ઉપર હતો, અને તે વધારે ઘટીને ૪૯.૪૦ના લેવલ ઉપર આવી ગયો છે. આ ઈન્ડેક્સ ૫૦ની નીચે હોય તો તે નબળાઈ દર્શાવે છે, અને ચીનમાં છેલ્લાં ઘણાં સમયથી આ ઈન્ડેક્સ ૫૦ની નીચે આવી ગયો હોવાથી ચીની અર્થતંત્ર ચિંતાનું કારણ ગણવામાં આવે છે. પરંતુ સામે પક્ષે ચીનનું અર્થતંત્ર હવે મોટા પાયે બદલાવ તરફ આગળ વધી રહ્યું છે, અને આ બદલાવની પ્રક્રિયાને કારણે મેન્યુફેક્ચરિંગને ટેમ્પરરી અસર થતી હોય તે પાસું પણ ધ્યાનમાં લેવું પડે.

સામે પક્ષે ગયા અઠવાડિયે ઓસ્ટ્રેલિયાએ પણ શેરબજારોને અસર કરી હતી. ગયા અઠવાડિયે રિઝર્વ બેન્ક ઓફ ઓસ્ટ્રેલિયાએ અચાનાક જ તેના વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરીને ૧.૭૫ ટકાનો વ્યાજદર લાવી દીધો છે. રિઝર્વ બેન્ક ઓફ ઓસ્ટ્રેલિયાના દર્શાવ્યા મુજબ વૈશ્વિક અર્થતંત્ર અત્યારે ખૂબજ ધીમા દરે વિકસી રહ્યું છે અને ફુગાવો અત્યારે ખૂબ નીચા લેવલ ઉપર છે, અને તેથી તેમનું અર્થતંત્ર નબળું ન પડે તે માટે ઓસ્ટ્રેલિયાએ વ્યાજદરમાં ઘટાડો કર્યો. આ પ્રકારના પગલાંની અપેક્ષા જાપાનની સેન્ટ્રલ બેન્ક પાસેથી હતી.

બેન્ક ઓફ જાપાને ગયા અઠવાડિયે મળેલી મીટિંગમાં કોઈ જ સ્ટિમ્યુલસ પેકેજ ના આપ્યું અને વ્યાજદરમાં પણ કોઈ જ ઘટાડો ન કર્યો તેને કારણે વિશ્વભરના શેરબજારોમાં તીવ્ર ઘટાડો જોવાયો હતો અને હવે ટોચના ફંડ મેનેજરો બેન્ક ઓફ જાપાને આ ગંભીર ભૂલ કરી છે, તેમ માની રહ્યા છે.

સામે પક્ષે જાન્યુઆરી-૨૦૧૫ પછી અમેરિકન ડોલર સૌથી નીચા લેવલ ઉપર આવી ગયો છે, અને આ ઘટાડાને કારણે પણ વિશ્વભરના સેન્ટીમેન્ટને અસર પડી હતી.

ગયા અઠવાડિયા દરમ્યાન સોના અને ચાંદીમાં ફરી એક વખત સેફ હેવન માંગ વધી છે અને સામે પક્ષે ક્રૂડમાં અત્યારે નબળાઈનો તબક્કો જોવાય છે. ઓપેકના દેશોએ એપ્રિલ મહિનામાં દૈનિક ૩૨.૬૪ મિલિયન ક્રૂડનું ઉત્પાદન કરી નાંખ્યું અને નજીકના ઈતિહાસમાં ક્રૂડનું આ સૌથી મોટું ઉત્પાદન છે. સામે પક્ષે રશિયા અને ઈરાકે પણ તેના ક્રૂડ સપ્લાયમાં મોટો વધારો કરતાં ક્રૂડના ભાવ ફરી એક વખત નીચા આવવા લાગ્યા છે, અને જો ક્રૂડમાં વધારે ઘટાડો થાય તો તેની અસર નીચે ફરી એક વખત અમેરિકાની ઓઈલ અને ગેસ સેક્ટરની કંપનીઓના શેર ઘટવા લાગે તેવો ભય છે.

ભારતમાં મોદી સરકાર કોઈ પણ રીતે કોંગ્રેસ સાથે સમજૂતી કરીને મહત્ત્વના ખરડાઓ પસાર કરવાના મૂડમાં નથી. અગાઉ પણ સંસદ ચાલુ હતી ત્યારે કોઈક નવા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા અને આ વખતે પણ જેની કોઈ જ આવશ્યકતા નથી તેવો ઓગસ્તા હેલિકોપ્ટરનો મુદ્દો ઉછાળવામાં આવ્યો છે. એમ પણ અત્યારના તબક્કે કોંગ્રેસ કોઈ પણ રીતે ચૂંટણીઓમાં ભાજપને ટક્કર આપવા તૈયાર નથી અને આવા તબક્કે નવા નવા વિવાદો ઊભા કરી મહત્ત્વના આર્થિક ખરડાઓને પાછા ઠેલવાની મૂર્ખામી મોદી સરકાર કરી રહી છે. થોડાં દિવસો પહેલાં અપેક્ષા હતી કે કોંગ્રેસનો સપોર્ટ લઈને જીએસટી ખરડો પસાર કરી દેવાશે, પરંતુ હવે ઓગસ્તા મુદ્દાને અસરકારક રીતે ચગાવવામાં આવ્યો છે, અને દરરોજે મોદી સરકારના અલગ અલગ પ્રધાનો મોટા માથાંને સજા અપાવીશું તેવી વાતો કરી રહ્યા છે, પરંતુ તેમાં જીએસટી ખરડો વિલંબમાં પડી ગયો, અને આ ખરડો વિલંબમાં પડે તો તેની નેગેટિવ અસર આંતરરાષ્ટ્રીય સ્તરે પડે છે તે બાબત શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના પ્રધાનોને સમજાવવાની જરૂર છે. સંરક્ષણ પ્રધાનને અત્યારે આ મુદ્દો ઉઠાવવવાને બદલે તેઓ ૪ મહિના રાહ જોઈ શક્યા હોત.

સામે પક્ષે છેલ્લાં ૨ મહિના દરમ્યાન વિવિધ મ્યુચ્યુઅલ ફંડોમાંથી રિટેલ ઈન્વેસ્ટરોએ મોટા પાયે ભંડોળ ઉપાડ્યું છે અને તેમાં પણ જેપી મોર્ગન અને રેલીગેરમાંથી જે રીતે પૈસા ઉપડ્યા તેને કારણે એફઆઈઆઈની સાથે સાથે ભારતીય ફંડો પણ શેરબજારમાં વેચવાલ થઈ ગયા છે, અને તેની પણ તીવ્ર અસર સેન્ટીમેન્ટ ઉપર પડી રહી છે.




નિફ્ટી ૮૦૦૦ની નજીક આવી ગયેલો પરંતુ ફરી પાછો ઘટીને ૭૫૦૦ના લેવલ સુધી ઉતરી ગયો, અને આગામી દિવસોમાં પણ હજી ફંડો અને એફઆઈઆઈની વેચવાલી રહેશે તે ભય ઊભો છે. કંપનીઓના પરિણામો એકંદરે ઓછા નિરાશાજનક છે, અને સાથે સાથે આઈપીઓનું માર્કેટ તેજ હોવાથી રિટેલ ઈન્વેસ્ટર સક્રિય છે તે બે ખૂબજ મજબૂત પાસાં કહી શકાય.

ઈક્વિટાસ હોલ્ડિંગ પછી થાયરોકેર અને ઉજ્જિવાનને જોરદાર રિસ્પોન્સ રિટેલ ઈન્વેસ્ટરોનો મળ્યો, અને હવેના દિવસોમાં મહાનગર ગેસનો આઈપીઓ પણ આવવાનો છે, અને રૂ. ૨૫૦૦ કરોડના આ આઈપીઓને પણ સુંદર રિસ્પોન્સ મળવાની અપેક્ષા છે. આમ, ફંડો અને એફઆઈઆઈની વેચવાલી વચ્ચે પણ આઈપીઓ માર્કેટને કારણે બજારનો મૂડ ટકી રહ્યો છે.

ચોમાસાનું ચિત્ર થોડું વધારે સુધર્યું છે, અને નવા અંદાજ જોતાં ચોમાસું થોડાં દિવસ વહેલું ૧૦મી જૂને શરૂ થાય તેવી ગણતરી છે. પરંતુ ઓસ્ટ્રેલિયાનું હવામાન ખાતું શું રિપોર્ટ આપે છે તેની રાહ જોવાય છે. કારણ કે અગાઉના વર્ષોમાં ઓસ્ટ્રેલિયાના હવામાન ખાતાના અંદાજો એકદમ સાચા પડેલા. કદાચ નવા અઠવાડિયે તેમનો અંદાજ આવી જશે.

અત્યારે દેશભરમાં પાણીની અછતને કારણે પણ સેન્ટીમેન્ટ ખરડાયું છે. ગયા અઠવાડિયે મેંગ્લોર રિફાઈનરીમાં પાણીની ખેંચને કારણે અમુક યુનિટમાં ઉત્પાદન બંધ કરવું પડ્યું છે, અને હવે ૧૦મી મેથી મુંબઈમાં પણ ૩૬ કલાક માટે ૨૫ ટકા પાણીનો કાપ લાગુ પડવાનો છે, અને તેથી ચોમાસું કેવું રહેશે તે ભય પણ ઈન્વેસ્ટરોના સેન્ટીમેન્ટને નબળો પાડી રહ્યો છે.

## બેન્કિંગ સેક્ટર

બજેટમાં જાહેર થયેલ બેન્કિંગ બોર્ડ બ્યુરોએ પોતાનું કામકાજ શરૂ કરી દીધેલું. સૌ પ્રથમ આ બોર્ડ દ્વારા સરકારી બેન્કોના ટોચના વહીવટકારોની નિમણૂંક કરવામાં આવશે. અત્યાર સુધી સરકારી રાહે ડાયરેક્ટરોની નિમણૂંક થતી હતી, પરંતુ હવે ખાનગી બેન્કોની જેમ સરકારી બેન્કોના મેનેજિંગ ડિરેક્ટર નિમાશે અને તે રીતે બેન્કોની કામગીરી ઝડપથી સુધારવાની પહેલી વ્યૂહરચના છે. તે પછી આ બેન્કો માટે મૂડી ઊભી કરવાની પ્રક્રિયા પણ શરૂ કરાશે, અને ત્રીજા તબક્કામાં નાની અને નબળી બેન્કોને મોટી બેન્કો સાથે ભેળવી દેવાની પ્રક્રિયા શરૂ થશે.

કેટલાંક ઈન્વેસ્ટરોને રૂ. ૬૬૦૦૦ કરોડની એનપીએને કારણે ખૂબ ચિંતા થાય છે, અને આ આંકડાઓ જોઈ તેઓ બેન્ક શેરો અંગે એકદમ નિરાશ વલણ દર્શાવે છે. ભૂતકાળમાં આપણી બેન્કોએ રૂ. ૬૬૦૦૦ કરોડની માંડવાળ કૃષિ ધિરાણોમાં કરી હતી અને છતાં પણ આ બધી બેન્કો ટકેલી છે અને તે માંડવાળ પછી પણ સરકારી બેન્ક શેરોએ અફલાતૂન રિટર્ન આપેલું. આમ, જ્યારે સરકારી બેન્કો ભારત સરકારના રક્ષણ હેઠળ હોય તો આ પ્રકારની માંડવાળ સરકાર ખમી લેવાની, અને સામે પક્ષે સરકારને પેટ્રોલિયમ સબસીડી અને અન્ય સબસીડીઓમાં મોટી બચત થઈ ગઈ હોવાથી તેને માથે કોઈ ભારણ નથી આવવાનું. આટલી કોમન સેન્સની વાત તમે સમજી લેશો તો એક વર્ષના એંગલથી નીચા ભાવના સરકારી બેન્ક શેરો લેવામાં કોઈ અચકાટ નહીં થાય.

આ પાસું ધ્યાનમાં રાખીએ તો રૂ. ૩૭-૩૮ના ભાવે મળતો **કોર્પોરેશન બેન્ક**નો શેર એકદમ મફત છે તેમ તમને પણ લાગશે. બુકવેલ્યુ કરતાં ત્રીજા ભાગના ભાવે કોર્પોરેશન બેન્કનો શેર મળી રહ્યો છે, અને તેથી થોડો વખત માટે પૈસા પડી ગયા છે તેમ માની ૨૦૦-૪૦૦ કોર્પોરેશન બેન્કના શેર લઈને મૂકી દો.

તેવી જ રીતે રૂ. ૫૪ના ભાવે **અલ્હાબાદ બેન્ક**નો શેર પણ એકદમ મજબૂત છે અને તે શેર પણ બુકવેલ્યુ કરતાં સાવ નીચા ભાવે મળી રહ્યો છે. તેમાં રોકાણ કરી શકાય.

સરકારી બેન્કોમાં રૂ. ૮૦માં મળતો **પંજાબ નેશનલ બેન્ક** પણ તેની બુકવેલ્યુની સરખામણીમાં ખૂબજ મોટા ડિસ્કાઉન્ટમાં છે અને કમાણીની સામે પણ આ શેર કેવળ ૯.૩૩ના પીઈ રેશિયો ઉપર ચાલી રહ્યો છે. ૧ વર્ષના એંગલથી પંજાબ નેશનલ બેન્કનો શેર લઈ શકાય અને ઉપરમાં રૂ. ૧૨૦-૧૩૦નો ભાવ આવવાની ગણતરી છે.

તેવી જ રીતે **બેન્ક ઓફ ઇન્ડિયા, બેન્ક ઓફ બરોડા** અને **સ્ટેટ બેન્ક**ના શેર પણ લઈ શકાય. સ્ટેટ બેન્ક ભારતની સૌથી મોટી બેન્ક છે અને મોદીભાઈ તેને કોઈ રીતે ડૂબવા નહીં દે તેપણ નક્કી છે. સ્ટેટ બેન્ક ડૂબે તો ભારત સરકાર પણ ડૂબેલી હોય, અને તેવું આપણે જીવીએ છીએ ત્યારે તો નથી બનવાનું, માટે સહેજ સામા પ્રવાહે રૂ. ૧૮૪માં **સ્ટેટ બેન્ક** લઈને મૂકી દેવાય. થોડી રાહ ચોક્કસ જોવી પડશે, પરંતુ ઘણું સુંદર રિટર્ન મળી જવાનું.

**યસ બેન્ક**નો શેર તો ઘણાં અંકથી રૂ. ૭૦૦ના ભાવથી લેવડાવીએ છીએ. અત્યારે યસ બેન્ક રૂ. ૯૧૦ ઉપર આવ્યો છે અને તેમાં માર્ચ આખરના પરિણામો ધ્યાનમાં રાખીએ તો પણ તેજીની ચાલ ચાલુ રહેશે. ધીરે ધીરે રૂ. ૧૦૦૦નું લેવલ પસાર થઈ જવાની જગ્યા છે.

**ઈન્ડસઈન્ડ બેન્ક** લેવાની વાત કરતા હતા ત્યારે દરેક વખતે રૂ. ૧૦૫૦નું લક્ષ્યાંક દર્શાવેલું અને તે વખતે રૂ. ૯૦૦ની નીચે શેર ચાલતો હતો. અત્યારે રૂ. ૧૦૫૦નું લેવલ કૂદાવી રૂ. ૧૦૪૨ ઉપર ચાલી રહ્યો છે, અને આ શેર આગામી દિવસોમાં બીજા રૂ. ૧૦૦ ઉંચકાઈ જવાની ગણતરી છે.

છેલ્લાં થોડાં મહિનાથી **એચડીએફસી** અને **એચડીએફસી બેન્ક**ના શેર ઠંડા પડી રહ્યા હતા. બંને દ્વારા માર્ચ ક્વાર્ટરના સુંદર પરિણામો આવ્યા છે. આગામી દિવસોમાં આ બંને શેરોમાં ટૂંકા ગાળામાં પણ મજબૂત ઉછાળો મળવાની ગણતરી છે.

**કોટક બેન્ક** ખાસ ધ્યાનમાં રખાય. એક તબક્કે રૂ. ૬૫૦ની નીચે ઉતરી ગયેલો આ શેર ગયા અઠવાડિયે રૂ. ૭૧૮ સુધી તો આવી ગયેલો, પરંતુ તે પછી ઘટીને તેમાં રૂ. ૭૦૩નો ભાવ જોવાયો. પરિણામો ડ્યુ છે, અને તે સપોર્ટ મળતાં રૂ. ૭૫૦-૮૦૦નો ભાવ નજીકના અઠવાડિયાઓમાં જ આવી જશે તે નક્કી છે.

**ફેડરલ બેન્ક** ધીરે ધીરે સુધારાતરફી થયો છે. અત્યારે રૂ. ૪૮.૨૦ ઉપર છે. આગામી દિવસોમાં આ શેરમાં સુંદર ઉછાળાની ગણતરી છે. કોઈ મોટી બેન્ક દ્વારા ટેકઓવરની સંભાવના પણ છે.

થોડાં દિવસો પહેલાં રૂ. ૧૦૦ની નીચેના ભાવે **કર્ણાટકા બેન્ક** લેવડાવેલો. અત્યારે રૂ. ૧૧૪ તો થયો, અને જે રીતે મજબૂત પરિણામનો સપોર્ટ છે તે જોતાં રૂ. ૧૨૫ પણ થવાનો. ટૂંકા ગાળા માટે થોડાંક શેર લઈ શકાય. જ્યારે રૂ. ૯૦ના ભાવે **ડીસીબી બેન્ક** પણ ધ્યાનમાં રાખવો સલાહભરેલ.

બધાં બેન્ક શેરોમાં રૂ. ૨૧૮ થઈ ગયેલા **આઈસીઆઈસીઆઈ બેન્ક**ના શેરમાં રોકાણ કરી દેવાય. માર્ચ કવાર્ટરના નફામાં ભલે ગાબડું હોય, પરંતુ આઈસીઆઈસીઆઈ ખૂબજ સાતત્યપૂર્ણ રીતે કામ કરતી બેન્ક છે. અગાઉ પણ આ બેન્ક ઉઠી જશે તેવી વાતો ચગી હતી અને અમુક વખતે તો બ્રાંચની બહાર હજારો માણસોની લાઈનો પણ ડિપોઝીટ ઉપાડવા થઈ ગયેલી. આમ, કોઈક કારણસર આ બેન્ક માટે નેગેટિવ પ્રચાર થોડાં થોડાં સમયે સંભળાતો રહે છે અને તેવે વખતે જેમણે નીચા ભાવે શેર લીધેલા તેમને ઘણો મોટો ફાયદો પણ મળ્યો છે. અત્યારે પણ લક્ષ્મીદેવી તમને ચાંલ્લો કરવા આવ્યા છે. અગાઉ રૂ. ૧૮૮ના ભાવે આઈસીઆઈસીઆઈ ન લીધો હોય તો અત્યારે રૂ. ૨૧૮માં લઈ લો. આવો ચાન્સ નહિ મળે અને થોડાં મહિના પછી રૂ. ૩૧૮ થશે ત્યારે દર વખતની જેમ તમે પસ્તાવાના.

**આઈડીએફસી બેન્ક**ના શેરમાં ફેન્સી વધી છે. આઈડીએફસી બેન્ક અને આઈડીએફસીનું મર્જર થશે તેવી સંભાવના શરૂ થઈ છે. જો આ રીતે મર્જર થાય તો બેલેન્સશીટનું કદ અતિશય મોટું થઈ જાય અને તે સંભાવના મજબૂત છે. રૂ. ૪૭-૪૮ના ભાવે થોડાંક આઈડીએફસી બેન્કના શેર પકડી શકાય.

અત્યારના તબક્કે ફિનાન્સ શેરોમાં પણ સુંદર ઉછાળો ડ્યુ છે. એમ જોઈએ તો રૂ. ૨૭માં **મુથુટ ફિનાન્સ**નો શેર લેવડાવેલો અને તે પછી રૂ. ૩૯ના ભાવે વેચવાનું પણ કહેલું. આવો જ સુંદર ઉછાળો હવે **એલએન્ડટી ફિનાન્સ હોલ્ડિંગ**માં શરૂ થયો છે. થોડાં અંક પહેલાં રૂ. ૬૨માં લેવડાવેલો અને અત્યારે રૂ. ૭૩ થયો છે. આ કંપની બેન્કિંગનું લાઈસન્સ મેળવવા અરજી કરશે તે સંભાવના છે, અને તે પાછળ ધીરે ધીરે વધીને રૂ. ૮૨નો ભાવ થોડાં દિવસોમાં આવવાની સંભાવના મજબૂત છે.

સામે પક્ષે રૂ. ૩૦૩ના ભાવે **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફિનાન્સ** પણ ધ્યાનમાં રખાય. આ કંપની પણ બેન્કને વરમાળા પહેરાવવા તત્પર છે, અને તે ગણતરીએ શોર્ટટર્મમાં જ રૂ. ૩૨૩ના ભાવની ગણતરી છે. થોડાંક શેરો લઈને મૂકી દેવાય.

બેન્કિંગ સેક્ટરમાં રૂ. ૭૨૬૪ ઉપરના **બજાજ ફિનાન્સ**ના શેરમાં રોકાણ જાળવી શકાય. નફાનો જોરદાર સપોર્ટ છે અને સાથે સાથે બેન્કની ઉમેદવાર પણ ગણી શકાય એટલે આ

**DYNAMIC INDUSTRIES LIMITED**
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના નિયમ ૪૭ (૧)(એ) મુજબ, આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૩૦મી મે, ૨૦૧૬ સોમવારના રોજ સાંજે ૫:૩૦ કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર યોજાશે. જેનો હેતુ ૩૧મી માર્ચ,૨૦૧૬ ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક/વાર્ષિક સમયગાળા ઓડિટેડ એકલ નાણાકીય પરિણામો અને સંયુક્ત તનાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે. વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ http://www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/ 524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
હર્ષરમેશભાઇ હીર્પરા
કંપની સેક્રટરી

સ્થળ: અમદાવાદ
તારીખ :૧૯ મે,૨૦૧૬

**POLYMECHPLAST MACHINES LIMITED**
(AN ISO 9001:2008 CERTIFIED COMPANY)
રજીસ્ટડ ઓફીસ :- ''ગોલ્ડકોઈન હાઉસ''૭૭૫.જી.આઈ.ડી.સી., મકરપુરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ
મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૦, ગુજરાત, ઈનડિયા
CIN NO. L27310GJ1987PLC009517,
ફોન નંબર: ૯૧-૨૬૫-૨૬૩૨૨૧૦ E-Mail ID-pmldjs@polymechplast.com
TIN NO .24191600307 DATED 13/09/2005
CST NO . 24691600307 DATED 13/09/2005

**નોટીસ**

આથી સેબી ( લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડીસ્કલોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ સાથે રેગ્યુલેશન ૪૭ ને વંચાણમાં લેતા જણાવવામાં આવે છે કે , ૩૧ માર્ચ ૨૦૧૬ના રોજ પુરા થતા ત્રિમાસિક તેમજ નાણાંકીય વર્ષના અંતે ઓડીટેડ નાણાંકીય પરિણામોને મંજુરી આપવા માટે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટસ ની મીટીંગ શનિવાર તા. ૨૮ મે,૨૦૧૬ ના રોજ વડોદરા ખાતે મળશે.

વધુ આ માહિતી કંપનીની વેબસાઈટ www.polymechplast.com અને સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ www.bseindia.com પર પણ પ્રાપ્ય છે.

પોલીમેકપ્લાસ્ટમશીન્સ લીમીટેડ

એમ.આર.ભુવા
(એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર)
DIN : 00054562

સ્થળ: વડોદરા
તારીખ :૧૮ મે,૨૦૧૬

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન
મગજમારી ભેજામારી
નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ
દર બુધવારે, કોપી બુક કરવો





















